પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૧૦ | ૨૧ જાન્યુઆરી, ૨૦૧૭, શનિવાર ; પોષ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**તાપમાન**
મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૪૬ ટકા

# સપા-કોંગ્રેસ ગઠબંધન પહેલા ગાંઠ

**સમાજવાદી પાર્ટીએ ૨૦૯ ઉમેદવારોની જાહેરાત કરી જેમાં કોંગ્રેસના વર્તમાન ૯ ધારાસભ્યોની બેઠકો પર પણ ઉમેદવારો જાહેર થતાં રાજકીય વિવાદ : દિલ્હીમાં કોંગ્રેસની ચૂંટણી સમિતિની મેરેથોન બેઠક : રાજબબ્બરની નારાજગી**

લખનૌ, તા.૨૦

સમાજવાદી પક્ષ દ્વારા ૧૯૧ અને ૧૮ ઉમેદવારોની બે યાદી ત્રણ કલાકના અંતરે જાહેર થઈ. ધ્યાન ખેંચનારી બાબત એ બની કે પ્રથમ યાદીમાં ૯ બેઠકો કોંગી ધારાસભ્યોની સીટીંગ બેઠક છે. આમ છતાં જ્યાં સમાજવાદી પક્ષની યાદીમાં ઉમેદવારોની જાહેરાત થતાં રાજકીય વિવાદ સર્જાયો હતો. સમાજવાદી પક્ષના પ્રદેશ ઉપાધ્યક્ષ નંદાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસને ૫૪ બેઠકો જ આપી શકાય એમ છે. આમ છતાં ૭૫ થી ૮૦ સુધી આપવાની સપાની તૈયારી છે. જ્યારે કોંગ્રેસ ૧૦૦થી ૧૧૦ બેઠકોની માંગણી પર અક્કડ હોવાનું મનાય છે. પ્રશાંત કિશોર જે કોંગ્રેસના ચૂંટણી વ્યુહકાર છે તેઓ દ્વારા સમાધાન માટે હજુ ભરપૂર પ્રયાસો કરાઈ રહ્યા છે. ગુલાબનબી આઝાદ આજે સાંજે લખનૌ પહોંચવાના હતા પરંતુ સપાની એકપક્ષીય જાહેરાતના કારણે આઝાદની મુલાકાત મુલત્વી રખાયાનું ચર્ચાય છે.

જ્યારે સમાજવાદી પક્ષમાં પણ નરેશ અગ્રવાલ જેવા વરિષ્ઠ નેતાઓ ગઠબંધનની તરફેણ કરે છે. યુવાન નેતાઓ હજુ પણ ગઠબંધન ન થાય તેમ ઈચ્છી રહ્યા છે. આમ સમાજવાદી પક્ષમાં પણ ગઠબંધન માટે મતમતાંતરો છે. એ જ રીતે કોંગ્રેસ પણ બે છાવણીમાં વહેંચાયેલું છે.

સપા દ્વારા જાહેર કરાયેલ ૨૦૯ ઉમેદવારોની યાદીમાં અખિલેશના કટ્ટર વિરોધી ગણાતા કાકા શિવપાલ યાદવને પણ જસવંતનગરની બેઠક પરથી ટિકિટ અપાઈ છે. આઝમ ખાન અને તેમના દિકરાને, નરેશ અગ્રવાલના દિકરાને અને બેનીપ્રસાદના દિકરાને પણ ટિકિટ અપાઈ છે. લખનૌમાં એવું કહેવાય છે કે, સપાના રાજકુંવરો ચુંટણી લડશે.

મોડીરાત સુધી ગઠબંધનની પ્રક્રિયામાં કોઈ પ્રગતિ થઈ શકી નથી. જો કે અગાઉ રાષ્ટ્રીય લોકદળ ગઠબંધનમાંથી અલગ થયાની જાહેરાત કરી દીધી હતી. રાષ્ટ્રીય લોકદળે આજે અન્ય ત્રણ પ્રાદેશિક પક્ષો સાથે જોડાણ કરી ૪૦૩ બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી.

# જલીકટ્ટુ વિરોધ પ્રદર્શન ઉગ્ર બન્યું

**કમલ હસન, રજનીકાંત, અજીત, સૂર્યા, ધનુષ સામેલ થયા : જલીકટ્ટુ આયોજિત કરવાની માંગને લઈને દેખાવ કરી રહેલા યુવાનોને સમર્થન આપ્યું : જલીકટ્ટુનું પોતે ઉદ્ઘાટન કરશે : દેખાવકારોને મુખ્યમંત્રીની ખાતરી**



નવી દિલ્હી,તા. ૨૦

જલીકટ્ટુ મુદ્દા પર જોરદાર દેખાવો અને પ્રદર્શનનો દોર યથાવત રીતે જારી રહ્યો છે. જેના કારણે વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ ગઈ છે. સુપ્રિમ કોર્ટના ચુકાદા પહેલા મુખ્યમંત્રી પન્નીરસેલ્વમે પોતાના ઘરે પરત ફરવા દેખાવકારોને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે રાજ્ય સરકાર આ મુદ્દા પર વટહુકમ લાવશે. જલીકટ્ટુને લઈને તમિલનાડુમાં હોબાળો મચેલો છે. હજારો લોકો માર્ગો ઉપર ઉતરી આવ્યા છે. આ લોકોને રાજકીય પક્ષોનું સમર્થન પણ મળી રહ્યું છે. આજે વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. વિરોધ પ્રદર્શનમાં દક્ષિણ ભારતના સુપર સ્ટાર કલાકારો પણ આજે જોડાયા હતા. જેમાં રજનીકાંત, કમલ હસન, અજીત, સૂર્યા, ધનુષ જેવા મોટા સ્ટારનો સમાવેશ થાય છે. જલીકટ્ટુના સર્થનમાં આ લોકો આજે મેદાનમાં આવ્યા હતા. આ લોકોએ આ ક્રમમાં જલીકટ્ટુ આયોજિત કરવાની માંગને લઈને દેખાવ કરી રહેલા યુવાનોને ટેકો આપ્યો હતો અને મૌન પ્રદર્શન માટે સાઉથ

● અનુસંધાન પાન-૭ પર

# દેશની કો-ઓપરેટીવ બેંકોને ડિપોઝીટ સ્વીકારવા પ્રતિબંધ

**નવી ટેક્સ માફી સ્કીમ હેઠળ પ્રતિબંધ : નોટબંધી બાદ આવકવેરા વિભાગને કેટલીક ખામીઓ મળી આવ્યા બાદ સરકાર દ્વારા આદેશ કરવામાં આવ્યો**

નવી દિલ્હી,તા. ૨૦

નવી ટેક્સ મુક્તિ સ્કીમ પીએમજીકેવાય હેઠળ ડિપોઝીટ સ્વીકારવાથી કો.ઓપરેટીવ બેંકોને સરકારે અટકાવી દીધી છે. આવકવેરા વિભાગને નોટબંધી બાદ કેટલીક ખામીઓ દેખાઈ આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે નવી ટેક્સ મુક્તિ સ્કીમ હેઠળ ડિપોઝીટ સ્વીકારવાથી કો.ઓપરેટીવ બેંકોને રોકવામાં આવ્યા બાદ તેને લઈને પણ હોબાળો થાય તેવી શક્યતા છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટ બંધ કરી દીધા બાદ કેન્દ્ર સરકારે ૫૦ ટકા ટેક્સની ચૂકવણી કરીને બિનહિસાબી રોકડના ધારકો માટે માફી સ્કીમની શરૂઆત કરી હતી. આ ડિપોઝીટ કોઈપણ બેંકોમાં જમા કરવાની મંજુરી આપવામાં આવી હતી પરંતુ હવે કો.ઓપરેટીવ બેંકોને આવી થાપણો સ્વીકારવાથી અટકાવી દેવાનો નિર્ણય કરાયો છે. પીએમજીકેવાય સ્કીમ ૩૧મી માર્ચ સુધી ચાલુ રહેશે. બોન્ડ લેઝર એકાઉન્ટના ફોર્મમાં ડિપોઝીટ માટે અરજી કોઈપણ બેન્કીંગ કંપની દ્વારા મેળવી શકાય છે. આ સ્કીમ હેઠળ બિનહિસાબી રોકડ ધરાવતા લોકો સમક્ષ

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે, વિમાની યાત્રા ૧લી એપ્રિલથી વધુ મોંઘી બનશે

**બજેટમાં સર્વિસ ટેક્સમાં ૦.૫ ટકાનો વધારો કરવા તૈયારી : પ્રવર્તમાન સર્વિસ ટેક્સ હાલમાં ૧૪ ટકા છે જેમાં કૃષિ અને સ્વચ્છ ભારત શેષના ૦.૫૦ ટકાને ઉમેરાશે : બ્યુટી પાર્લર, પેકેજ ટુર પણ મોંઘા થઈ જશે**

નવી દિલ્હી,તા. ૨૦

રેલવે ભાડા, હોટલોમાં જમવાની બાબત અને મોબાઈલ બિલમાં પહેલી એપ્રિલથી વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો માટેની મુશ્કેલી હજુ વધે તેવા સંકેત છે. વર્ષ ૨૦૧૬-૧૭ માટેના બજેટમાં સારી બાબત આવે કે ખરાબ બાબત આવે પરંતુ સર્વિસ ટેક્સમાં રેટમાં વધારો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. અહેવાલ મુજબ સર્વિસ ટેક્સમાં ૦.૫ ટકાનો વધારો આગામી બજેટમાં કરવામાં આવી શકે છે. પ્રવર્તમાન સર્વિસ ટેક્સનો રેટ હાલમાં ૧૪ ટકા છે. કૃષિ અને સ્વચ્છ ભારત સેસના ૦.૫૦ ટકા સાથે અસરકારક સર્વિસ ટેક્સનો રેટ ૧૫ ટકા થઈ જશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જીએસટી વ્યવસ્થા પહેલી જુલાઈ ૨૦૧૭થી

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

કોમ્પ્યુટર ડીટીપી વર્ક માટે અંગ્રેજી, ગુજરાતી તથા હિન્દી ટાઈપ કરી શકે તથા કોરલ ડ્રો, પેજ મેકર, ફોટોશોપ ઉપર ડિઝાઈન કરી શકે તેવા ઓપરેટર - ડિઝાઈનર જોઈએ છે. રૂબરૂ મળો : કેપિટલ ઓફસેટ, ૬૦૩-૪, હવેલી આર્કેડ, હવેલી હોટલ પાસે, રાધે સ્વીટ્સની ઉપર, છઠ્ઠો માળ, સેકટર-૧૧, ગાંધીનગર, સવારે ૯ થી ૧૧, સાંજે ૬ થી ૭.

(૧) ઓફિસ કામ માટે ફોર વ્હીલર તથા ટુ વ્હીલર વ્હીકલ ચલાવી શકે તથા કોમ્પ્યુટર જાણકાર ગ્રેજયુએટ યુવક જોઈએ છે.

(૨) ફોર કલર ઓફસેટ મશીન માટે હેલ્પર, ફીડરમેન તથા આસીસ્ટન્ટ જોઈએ છે. રૂબરૂ મળો. કેપિટલ ઓફસેટ, એલ-૮૦૧/૧, જી.આઈ.ડી.સી., સેકટર-૨૮, ગાંધીનગર



પ્રાણ પ્રતિષ્ઠા - સૌરાષ્ટ્રમાં નવનિર્મિત ખોડલધામ ખાતે મા-ખોડિયારના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ શનિવારે ભાવપૂર્વક યોજાશે. ગુજરાતભરમાંથી લેઉવા પાટીદાર સમાજના પરિવારો મોટી સંખ્યામાં ઉમટ્યા છે. સમાજના અંદાજ મુજબ ૨૧ લાખથી વધારે પાટીદારો ઐતિહાસિક પ્રસંગે ઉપસ્થિત રહેશે. પ્રાણ પ્રતિષ્ઠાની પૂર્વ સંધ્યાએ મા-ખોડિયારના મંદિરને આકર્ષક રોશનીથી શણગારાયું છે...

# વલસાડ પાસે કાર-ટેમ્પો ટકરાતા ૬નાં મોત

**મૃત્યુ પામેલામાં પિતા-પુત્રી, પતિ-પત્ની, એક યુવતી અને ડ્રાઈવરનો સમાવેશ**

અમદાવાદ, તા.૨૦

વલસાડમાં ગમખ્વાર અકસ્માતમાં છ લોકોના કરૂણ મોત થતા સનસનાટી મચી ગઈ છે. આ અકસ્માતમાં કેનેડાથી આવેલા ભાવિ સાસુ-સસરાને મુંબઈ લેવા ગયેલી યુવતી સહિત છના મોત થયા છે. સવારે કાર અને ટેમ્પો વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો. મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. મૃતકોમાં ત્રણ મહિલા અને ત્રણ પુરૂષોનો સમાવેશ થાય છે. સરોધી ગામ પાસે નેશનલ હાઈવે-૮ પર આ બનાવ બન્યો હતો. અકસ્માત સર્જાયા બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પાંચની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple,
Cheap Type Shopping Center, Sector-6/D,
Gandhinagar. Ph. : 079 - 23241415

## ન્યુઝ ટ્રેક

### ૨૯મીએ મોદીની વાત



- પ્રધાનમંત્રીની દર પખવાડિયે આકાશવાણી પરથી પ્રસારિત થતી મન કી બાત ૨૯મી જાન્યુઆરીએ પ્રસારિત થશે. દેશની મહત્વની ઘટનાઓ અને વિકાસની વાતોને મન કી બાતમાં આવરી લેવાય છે.

### ઉર્જિત પટેલને સંસદીય સમિતિ ફરી બોલાવશે

- સંસદની વગદાર જાહેર



હિસાબ સમિતિ નોટબંધી મામલે રીઝર્વ બેંકના ગવર્નર ઉર્જિત પટેલને ફરી બોલાવવાનું નક્કી કર્યુ છે. ગત બેઠકના જવાબોમાંથી ઉભા થતાં પ્રશ્નોની સ્પષ્ટતા માટે હાજર રહેવા જણાવાયું છે.

### જીજ્ઞેશ ભજીયાવાલાની ઈ.ડી. દ્વારા ધરપકડ



- ગેરકાયદેસર નાણાની હેરફેર મામલે સુરતના જીજ્ઞેશ ભજીયાવાલાની એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા શુક્રવારે સવારે ધરપકડ કરવામાં આવી. કરોડો રૂપિયાની હેરાફેરીમાં વિગતો મળતાં પુછપરછ કરવા ધરપકડ કરાઈ છે.

### રાજસ્થાનના ચુરુમાં પારો ૧.૬ ડિ.સે.

- રાજસ્થાનનુ ચુરુ કોલ્ડેસ્ટ સિટી બન્યું છે. ઉત્તર ભારતના વિસ્તારોમાં હીમ વર્ષાને પગલે ચુરુનું લઘુત્તમ તાપમાન ૧.૬ ડિ.સે. પહોંચી ગયું છે.

### અરૂણ જેટલીએ બંગાળ જવાનુ ટાળ્યુ



- પશ્ચિમ બંગાળમાં રાજ્ય સરકાર દ્વારા આરંભાયેલ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં નાણામંત્રી અરૂણ જેટલી ભાગ લેવાના હતા પરંતુ આજે એકાએક તેઓએ નિર્ણય બદલી બંગાળ જવાનુ ટાળ્યુ હતુ.

### ૭મીએ બેંક હડતાલ

- બેંક કર્મચારી મંડળોના પડતર પ્રશ્નો અને કેટલીક માંગણીઓના પગલે ૭મી ફેબ્રુઆરીએ બેંક હડતાલનું એલાન અપાયુ છે. નોટબંધી બાદ પ્રથમ વખત જ બેંક હડતાલથી આર્થિક વ્યવહારો અટવાશે.

### નારાયણ સાંઈ વારાણસીની શીવપુર બેઠક પરથી ચૂંટણી લડશે



- વિવાદાસ્પદ આસારામ બાપુના પુત્ર અને જેલવાસ ભોગવી રહેલ નારાયણ સાંઈ વારાસણીની શીવપુર બેઠક પરથી ચૂંટણીમાં ઝંપલાવશે જેના માટે બંધારણીય જોગવાઈ પ્રમાણે વચગાળાના જામીન માંગ્યા છે.

# સોશિલય મીડિયા પર નરેન્દ્ર મોદીના સૌથી વધુ ફોલોઅર્સ

**ટ્વીટર, ફેસબુક, યુટ્યુબ પર સૌથી વધુ ફોલોઅર્સ**




નવી દિલ્હી, તા.૨૦

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોશિયલ મીડિયા ઉપર વિશ્વના મોસ્ટ ફોલોઅર નેતા તરીકે ઉભરી આવ્યા છે. મોદી અમેરિકાના પ્રમુખ તરીકે બરાક ઓબામાની અવધિ પુરી થયા બાદ હવે સૌથી લોકપ્રિય લીડર તરીકે સોશિલય મીડિયા ઉપર રહ્યા છે. ફેસબુક, ટ્વીટર, યુટ્યુબ અને

● અનુસંધાન પાન-૭ પર

# અનામત માટે સમય નિયત કરવો જોઈએ સમાન હક્ક-સમાન તક હોવી જોઈએ

**આરએસએસના પ્રચાર વિભાગના વડા મનમોહન વૈદ્યના નિવેદનથી ખળભળાટ**

જયપુર, તા.૨૦

જયપુર ખાતે આરંભાયેલ લીટરેચર ફેસ્ટીવલના કાર્યક્રમમાં શ્રોતાના એક પ્રશ્નના જવાબમાં આર.એસ.એસ.ના વરિષ્ઠ પ્રચારક મનમોહન વૈદ્યએ જણાવ્યું હતું કે, અનામત માટે ચોક્કસ સમય નિયત કરવો જોઈએ. અનામત કાયમી ન હોવી જોઈએ, જેના કારણે સમાજમાં ભેદભાવ સર્જાય છે. બદલાતા સમયમાં સૌને સમાન તક મળે એવા વાતાવરણની જરૂર છે. ભારતના બંધારણમાં સમાન હક્ક અને સમાન તકને આમુખમાં સ્વીકારાયું છે. મનમોહન વૈદ્યના નિવેદન બાદ વિરોધી પક્ષોએ કાગારોળ કર્યાના અહેવાલો છે.




# આઈટી રિટર્ન દાખલ કરવા માટે આધાર જરૂરી

નવી દિલ્હી,તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર આગામી નાણાંકીય વર્ષથી ઈન્કમ ટેક્સ (આઈ-ટી) દાખલ કરવા માટે આધાર નંબરને ફરજિયાત કરવામાં આવનાર છે. નાણાંકીય વર્ષના અંત સુધી આધાર નંબરને તમામ બેંકો સાથે જોડી દેવામાં આવનાર છે. ૩૧મી માર્ચ સુધી આ પ્રક્રિયાને પૂર્ણ કરી લેવામાં આવનાર છે. સરકારમાં રહેલા વિશ્વસનીય સુત્રોએ કહ્યુ છે કે બન્ને મોરચા પર કામ ચાલી રહ્યુ છે. સરકાર આ મામલે સ્થિર રીતે આગળ વધી રહી છે.

પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર બજેટમાં ઈન્કમ ટેક્સ એક્ટ ૧૯૬૧માં સંબંધિત સુધારા કરવામાં આવનાર છે. ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવા માટે આધાર નંબરને ફરજિયાત કરવા સાથે સંબંધિત તમામ પ્રક્રિયા મામલે ચર્ચા ચાલી રહી છે. સાથે સાથે આધાર આધારિત પ્રમાણિક લાભને પણ ફરજિયાત કરવામાં આવનાર છે.